
# અંબાજી ખાતે વન્ય પ્રાણી જીવાવશેષ વેચવાનું કૌભાંડ પકડાયું

## અંબાજી વિભાગના વન અધિકારીઓએ કર્ણાટકના પાંચ શખ્સોને વાઘ, રીંછ, હરણ અને શિયાળના ચામડાં, નખ અને પંજા જેવા અનેક અવશેષો વેચતાં પકડયા







પાલનપુર, તા. ૧

યાત્રાધામ અંબાજી ખાતે આજે પાંચ જેટલા પર પ્રાંતીઓને રક્ષીત વન્ય પ્રાણીઓના અવશેષોને મોટી કિંમતે હોવાની બાતમીના આધારે અંબાજી જંગલ ખાતાના અધિકારીઓ દ્વારા પાંચ ઈસમોની ધરપકડ કરીછે. અંબાજી ઉત્તર રેંજના અધિકારીઓએ અંબાજી શહેરમાં કર્ણાટક રાજ્યના ૩ પુરૂષો ને ૨ મહિલાઓ કે જે વાઘ, રીંછ, હરણને શિયાળના ચામડા, નખ, પંજા જેવા અનેક અવશેષો વેચી રહ્યા હતા ત્યારે જંગલ ખાતાના અધિકારીઓ દ્વારા આ પાંચેય ઈસમોની ધરપકડ કરી તેમની જડતી લેતા તેમની પાસેથી વાઘનું ચામડુ નંગ-૧, વાઘનો પંજો-૧, વાઘના નખ નંગ-૧૬, વાઘના દાંત નંગ-૨૨, રીંછનો પંજો-૧, હરણની કસ્તુરી નંગ-૧૩, સિયાળ શીંગ નંગ-૧૬, હથ્થાજોડી નંગ-૩ મળી આવ્યા હતા. જે બાબતે વન્ય પ્રાણી સંરક્ષણ ધારો-૧૯૭૨ની કલમ ૯ અને ૪૯(ક) મુજબ કાયદેસરનો ગુન્હો નોંધી આ પાંચેય ઈસમોની ધરપકડ કરીને દાંતા કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે જો કે આ તમામ બાબતે જંગલ ખાતાના અધિકારીઓએ કાંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો હતો જ્યારે આ બનાવની વધુ તપાસ અંબાજી ઉત્તર રેંજના આર.એફ.ઓ. એ.જે. સીંધી કરી રહ્યા છે.

પકડાયેલા આ આરોપીઓમાં પ્રેમ આઈશપા રાજપૂત ઉં.વ.૨૦, શશીનંદ શંકર રાજપૂત ઉં.વ. ૨૧, મણીકાન્તા બસપપ્પા રાજપૂત ઉં.વ. ૧૮, એમગુન આઈક્યા રાજપૂત ઉં.વ. ૨૫, ચિત્રા મનસીયા રાજપૂત ઉં.વ. ૫૦ તમામ રહે હકી પકી કેમ હસોડી તા.જી. ચિમાંગા, સ્ટેટ કર્ણાટક. આ આરોપીઓને દાંતા કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં નામદાર કોર્ટે તેઓના જામીન ના મંજૂર કરતા તમામ આરોપીઓને પાલનપુર સબજેલના હવાલે કરાયા છે.

## મહેસાણા જિલ્લામાં આધાર કાર્ડનો શુભારંભ

### જિલ્લાના બેચરાજી તાલુકાથી આધારની શરૂઆત

મહેસાણા, તા.૧

ભારત સરકારનો યુનિક આઈ ડી પ્રોજેકટ એટલે આધારનો મહેસાણા જિલ્લામાં શુભારંભ ધારાસભ્ય શ્રી અનિલભાઈ પટેલે કર્યો હતો. આધાર કાર્ડથી સરકારી યોજનાઓ હેઠળના લાભ મેળવવા માટે સક્ષમ પુરાવો ગણાશે. આધારથી જે તે વ્યકિતની ઓળખ પુરી પડાશે જયારે સરકારને આ કાર્ડથી રહીશોની ચોકકસ માહિતી મળશે. જુદી જુદી યોજનાઓમાં સારો માર્ગ કેન્દ્રીત કરી શકાશે, બનાવટી અને નકલી ઓળખની ત્રુટીઓને નાબુદ થશે, જુદી જુદી યોજનાઓ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં સરળતા રહેશે અને ખર્ચમાં ઘટાડો થશે આને કારણે માહિતીનું આદાન પ્રદાનનું સંકલલ થઈ શકશે. ટુંકમાં આધાર કાર્ડ માનવ જીવનનો આધાર બની રહેવાનો છે.

આધાર કાર્ડ મેળવવા માટે ઓળખનો પુરાવો, જન્મ તારીખનો પુરાવો, રહેઠાણનો પુરાવો અને સંબંધનો પુરાવો જરુરી છે. આ અંગેની માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૯૪૭૫ પર પણ સંપર્ક કરી શકાશે. આધારનો બાયો મેટ્રીક નંબર ૧૨ આંકનો રહેશે. આધારનું રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તેને ટપાલ મારફતે ઘર સુધી પહોંચાડવામાં આવશે. આધારની નોંધણીની સેવા વિના મુલ્યે છે. આ માટે કોઈ રૂપિયાની માંગણી કરે તો સ્ટેટ નોડલ ઓફિસરને તેની જાણ કરવી અથવા uid.grivance@gujarat.gov.in પર પણ ફરીયાદ કરી શકાશે. આધારની નોંધણી જિલ્લાવાર, તાલુકા વાર અને વોર્ડ વાઈઝ કરવામાં આવશે દરેક ગ્રામ પંચાયત દીઠ એક નોંધણી કેન્દ્ર ઉભું કરવામાં આવશે.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


## ગાંધીનગરમાં ગરમી ઘટી : ઉત્તર ગુજરાતમાં પારો ઊંચે

ગાંધીનગર,તા. ૧

અપર એર સાયકલોનના કારણે વાતાવરણમાં ફેરફાર થયા હતા. જેના કારણે ઉનાળામાં ૧૫ દિવસ પહેલા તાપમાન ઘટીને ૩૦ ડિગ્રીની પાસે પહોંચી ગયું હતું. અને વરસાદનો આહલાદક ગાંધીનગરની જનતાએ માણ્યો હતો પણ હવે ફરીથી વાતાવરણમાં ગરમીનો પારો ધીમે ધીમે વધી રહ્યો છે.

આજે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં ૪૩, મહેસાણા ૪૧ વડોદરામાં ૪૨ ડિગ્રી તાપમાન અનુભવાયું છે. વાતારણમાં આ સાથે ભેજના પ્રમાણમાં પણ ઘટાડો થયો છે. જેમાં સવારે ૫૫ ટકા અને સાંજે ૧૬ ટકા જેટલું થયું છે.

અપર એર સાયકલોનના કારણે ગરમી થોડી મોડી અનુભવાયી હતી. જે હવે દિવસે દિવસે એક પારો ઉપર આવી રહ્યો છે. વાતાવરણમાં અચાનક આવતા ફેરફારને લઈને આરોગ્ય ઉપર પર વાયરલની અસરો જોવા મળી હતી.

## સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમે મેડીક્લેમ પોલીસી હેઠળ રૂ. ૩૮,૫૦૨ વિમેદારને ચૂકવવા કરેલો હૂકમ

હિંમતનગર, તા. ૧

સાબરાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સાબરડેરી) હિંમતનગરે સાબરકાંઠા જિલ્લાની દૂધ ઉત્પાદક મંડળીઓના સભાસદો માટે મેડીક્લેમ પોલીસીઓ લીધી હતી. જેમાં સભાસદોને વિવિધ દર્દોમાં ઓપરેશન કરાવવાની ફરજ પડે અથવા ખૂબ મોટો ખર્ચ થવાનો હોય તે સમયે સભાસદને મદદરૂપ થવાય તે આશય સાબરડેરીનો હતો તેથી સાબરડેરી દ્વારા ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લી. કલોલ, જિ. ગાંધીનગર પાસે કરાર કરવામાં આવ્યો હતો.

આ મેડીકલ પોલીસી ગામની દૂધ મંડળીના સભાસદ જ મેળવી શકે તેમાં નિયમ મુજબ સભાસદ, ગામની દૂધ મંડળી અને સાબરડેરી ત્રણેય થઈને જ મેડીક્લેમ પોલીસીનું પ્રિમિયમ વિમા કંપનીને ભરે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

આ યોજનાનો લાભ મેળવવા માટે હિંમતનગર તાલુકાના પેથાપુર ગામના પટેલ રામાભાઈ જેઠાભાઈએ પણ વિમો ઉતરાવેલ હતો ચાલુ વિમા દરમ્યાન રામાભાઈને કરોડના મણકાની સારવાર અમદાવાદની હોસ્પિટલમાં કરાવી હતી. જેમાં રૂ. ૩૮,૫૦૨નો ખર્ચ થયો હતો તેથી તે ખર્ચનો મેડીક્લેમ મંજુર કરવા સારૂ વિમા કંપનીના નિયમ મુજબ જરૂરી પુરાવા સહિત નિયત ફોર્મેટમાં અરજી ધી પેથાપુર (રંગપુર) દૂધ ઉત્પાદક સહકારી મંડળીને આપી હતી તે સાબરડેરી મારફતે ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કં.લી. કલોલને મંજૂરી અર્થે મોકલી હતી પરંતુ સદર ક્લેમ મંજુર થયો નહિ.

માટે રામાભાઈએ ગ્રાહક હિત સુરક્ષા મંડળ, પ્રાંતિજ,જિ. સાબરકાંઠાને ફરીયાદ નોંધાવી હતી. માટે મંડળ દ્વારા પણ સદર મિ કંપનીને નોટીશો મોકલી હતી છતાં પણ વિમા કંપનીએ કોઈ જ જવાબ આપ્યો નહિ કે વિમો મંજુર કર્યો નહિ તેથી મંડળના પ્રમુખ, નટુભાઈ બારોટ દ્વારા સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ હિંમતનગરને જરૂરી પુરાવાઓ સહિતની ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

સાબર ડેરી દ્વારા જેટલા પણ વિમા દૂધ મંડળીઓના સભાસદોના લેવામાં આવ્યા હતા તે બધા જ વિમા ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કં.લી.એ રદ કરીને સાબરડેરી દ્વારા ભરવામાં આવેલી પ્રિમિયમના નાણાં પણ ધી ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કં.લી. એ સાબર ડેરીને પરત કર્યા હતા. પરંતુ સાબર ડેરીએ સદર નાણા જે વિમેદાર (સભાસદ)ના હતા તેને પરત કર્યા નહિ. માટે સાબરકાંઠા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, હિંમતનગર, જિ.સાબરકાંઠાના પ્રમુખ, એમ.બી. ટાંક, સભ્યો, નીતાબેન બારોટ, એચ.ડી. પટેલ દ્વારા સંયુક્ત પણે ચુકાદો જાહેર કરીને રામાભાઈ પટેલને રૂ. ૩૮,૫૦૨ પુરા અરજીની તારીખથી નાણા વસુલ થાય ત્યાં સુધી ૭.૫ ટકાના દરે ચુકવવા અને રૂ. ૫૦૦ માનસિક ત્રાસના ચુકવી આપવાનો ચુકાદો જાહેર કર્યો હતો.

## સાબરકાંઠા જિલ્લામાં યુનિક આઈડેન્ટીફીકેશન (UID)નોંધણી કાર્યક્રમનો શુભારંભ કરાયો

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે ભારતીય વિશેષ ઓળખ પ્રાધિકરણ (યુનિક) આઈડેન્ટીફીકેશન) કાર્યક્રમનો કલેક્ટર જયપ્રકાશ શિવહરેએ પ્રારંભ કરાવ્યો હતો.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે યુનિક આઈડેન્ટીફીકેશનની જરૂરીયાત આધાર વિષયક અને નાણાંકીય સમાવેશ તથા વ્યક્તિની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે એક મહત્વનો પુરાવો બની રહેશે. વ્યક્તિની અલગતા તારવવા માટે ડેમોક્રેટીક અને બાયોમેટ્રીક માહિતી એકત્ર કરી સરકારની વિવિધ યોજનાઓનો લાભ સાચા લાભાર્થીઓને મળી રહે તે દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

જિલ્લા કલેક્ટર જયપ્રકાશ શિવહરેએ બાયોમેટ્રીક ફિંગરપ્રિન્ટ આપીને પોતાનું નામાંકન કરાવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.એન. ચૌધરી, પ્રાંત અધિકારી જે.ડી. પટેલ, મામલતદાર રીંકેશ પટેલ સહિત અધિકારી ગણ અને પદાધિકારી ગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ઈડર બેતાલીસ પ્રજાપતિ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ઈડર, તા. ૧

ઈડર બેતાલીસ પ્રજાપતિ સમાજનો સમુહ લગ્નોત્સવ તાજેતરમાં યોજાયો હતો. જેમાં અઢાર નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડિ ગૃહસ્થ આશ્રમમાં પ્રવેશ કર્યો હતો. સમૂહલગ્નોત્સવ દાતાઓએ ઉદાર હાથે કન્યાદાન કર્યુંહતું. કર્મકાંડી જનકભાઈ બી. શાસ્ત્રી દ્વારા લગ્નોત્સવનું કર્મકાંડ કરવામાં આવ્યું હતું અંતે આભારવિધિ પ્રજાપતિ સમાજ સમૂહલગ્ન સમિતિના પ્રમુખ મંત્રી - કારોબારી સભ્યોએ કરી હતી. ઈડર તાલુકા પંચાયતના પ્રમુખ પંકજ દેસાઈ, ઉપપ્રમુખ કાન્તિભાઈ પટેલ, ભા.તા. પક્ષ પ્રમુખ અનિલભાઈ પટેલ, ભૂ.પૂ. પં. પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, રાજુભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઓનલાઈન ટેન્ડર નિવિદા નં.-૫ સને ૨૦૧૨-૧૩**

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ | મહેસાણા જીલ્લાના બેચરાજી, મહેસાણા અને વિસનગર તાલુકાના ગામોની તળાવો ઉંડા કરવાની કામગીરી |
| ૨. | અંદાજીત રકમ રૂ. લાખમાં | રૂ. ૩.૦૭ લાખથી ૨૪.૪૦ લાખ કુલ રૂ. ૧૬૯.૫૬ લાખ (સત્તર કામ) |
| ૩. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન) | તા. ૧૨-૫-૨૦૧૨ સમય : ૧૮.૦૦ કલાક સુધી |
| ૪. | કચેરીનું સરનામું, ટેલીફોન અને ફેક્સ નંબર | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ધરોઈ નહેર વિભાગ નં.-૩, વિસનગર ફોન નં. : (૦૨૭૬૫)૨૩૧૦૨૪ ફેક્સ નં. (૦૨૭૬૫) ૨૩૧૮૭૧ |
| ૫. | વધુ જાણકારી માટે www.statetenders.com અને www.nprocure.comનો સંપર્ક કરવો. | ક્રમાંક:નામાનિ/મહે/૪૨/૨૦૧૨-૧૩ |


## અમદાવાદમાં ઑલ ઈન્ડિયા મોઢ વણિક સમાજના સૌપ્રથમ જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન

અમદાવાદ, તા. ૧

ભારતભરમાં વસતા મોઢવણિક જ્ઞાતિના અવિવાહિત યુવક-યુવતીઓ વાલીઓની ચિંતિત પ્રશ્નો અંગે ઑલ ઈન્ડિયા મોઢવણિક સમાજનું સૌપ્રથમ જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન ફેડરેશન મોઢવણિક સમાજમાં ટ્રસ્ટીઓ દ્વારા તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૨ નાં રોજ અમદાવાદ ખાતે હાથ ધરવામાં આવ્યું છે.

ફેડરેશન મોઢવણિક સમાજના ઉપક્રમે ઑલ ઈન્ડિયા મોઢવણિક સમાજ જીવનસાથી પસંદગી સમિતિ આયોજિત ભારતમાં દરેક રાજયોમાં વસતાં મોઢવણિક જ્ઞાતિના ૧૧૦૦થી વધુ લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓ પરિચય સમારોહ તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૨ ને રવિવારના રોજ સવારે ૮ થી સાંજના ૫ કલાક સુધી અમીરાજ ફાર્મ પાર્ટી પ્લોટ, ગુજરાત હાઈકોર્ટ પાસે, એસ.જી. હાઈવે રોડ ખાતે યોજાયો. આ જીવનસાથી સંમેલનમાં ભારતભરમાંથી કુલ ૩૦૦૦ થી વધુ જ્ઞાતિજનોએ હાજરી આપી.

ફેડરેશનના પ્રમુખ શ્રી અરૂણભાઈ મુછાળાએ જણાવ્યું હતું કે 'સમગ્ર ભારતમાં મોઢવણિક યુવક-યુવતીઓના જીવનસાથી પસંદગી સંમેલનના આયોજનથી અવિવાહિત યુવક-યુવતીઓનાં લગ્નનો પ્રશ્ન સરળતાથી ઉકેલી શકાશે.


**જાહેર નિવિદા**
**આંગણવાડી કાર્યકર / તેડાગર ભરતી બાબત**

સંકલિત બાળ વિકાસ યોજના ગાંધીનગર ઘટક-૧,૨ માં નીચે જણાવેલ ગામોના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર અને તેડાગરની ખાલી પડેલ જગ્યા માટે બહેનોની ભરતી કરવાની થાય છે.

**કાર્યકરની ખાલી જગ્યા :-** ગાંધીનગર ઘટક-૧
જીઈબી (સ્મશાન વિસ્તાર), વાવોલ, વાવોલ, સેક્ટર-૧૩ (ઝુંપડપટી વિસ્તાર)
**તેડાગરની ખાલી જગ્યા :-** ગાંધીનગર ઘટક-૧
સેક્ટર-૨૦ (અક્ષરધામ), ખોરજ, ઉવારસદ, પોર, સેક્ટર-૧૪ (ગોકુળપુરા), સેક્ટર-૨૮ (ચરેડી), જીઈબી (સ્મશાન વિસ્તાર)
**કાર્યકરની ખાલી જગ્યા :-** ગાંધીનગર ઘટક-૨
અમીયાપુર, વડોદરા (કાદી વિસ્તાર), રાંદેસણ
**તેડાગરની ખાલી જગ્યા :-** ગાંધીનગર ઘટક-૨
ધણપ, રાંદેસણ, પીંડારડા (શક્તિનગર), નભોઈ, વાંકાનેરડા (તાજપુરના છાપરા), વાંકાનેરડા (નવાપુરા), વડોદરા (કાદી વિસ્તાર), વલાદ, મોટા ચિલોડા, લવારપુર
**આગામી ત્રણ માસમાં ખાલી પડનાર જગ્યા :-** (ગાંધીનગર ઘટક-૨)માં
ડભોડા (તેડાગર), નાના ચિલોડા (તેડાગર)
**શૈક્ષણિક લાયકાત અને શરતો :-**
(૧) કાર્યકરમ માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ અને તેડાગર માટે ધોરણ-૭ પાસ નક્કી થયેલ છે.
(૨) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ (જાહેરાતની તારીખે)
(૩) મહિલા ઉમેદવાર પરણિત અને ગામના સ્થાનિક હોવા જોઈએ (રેશનકાર્ડની પ્રમાણિત નકલ, ચૂંટણી કાર્ડની પ્રમાણિત નગર અને તલાટી કમ મંત્રીશ્રી અને સરપંચશ્રીનો સંયુક્ત સહીવાળો અસલ દાખલો રજૂ કરવાનો રહેશે.
(૪) જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૫) લગ્ન નોંધણીનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે સામેલ કરવાની રહેશે.
(૬) આંગણવાડી કેન્દ્ર જે ગામ કે શહેરના ફળીયા, પરા, વૉર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા સ્થાનિક ઉમેદવારે જ અરજી કરવાની રહેશે.
(૭) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખતના નિયમોનુસાર માસિક માનદવેતન મળવાપાત્ર રહેશે.
(૮) અરજદારે ઉમેદવારી કચેરીના નોટીસ બોર્ડ ઉપર લગાવેલ નમુનાના ફોર્મમાં કરવાની રહેશે.
(૯) અધુરી વિગત સાથે આવેલ અને સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ રદ ગણવામાં આવશે.

જાહેરાતની તારીખ અગાઉ કરેલ અરજીઓ રદ ગણાશે. જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૨૦માં સાધનિક કાગળો સાથે અરજી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવાની રહેશે. સાદી ટપાલ, કુરીયર, સ્પીડ પોસ્ટથી કે કચેરીમાં રૂબરૂ આપેલ અરજીઓ રદ ગણાશે. રદ કરેલ અરજીની જાણ પણ કરવામાં આવશે નહીં. અરજી નીચેના સરનામે મોકલવાની રહેશે.

**બાળવિકાસ યોજના અધિકારીશ્રી,**
આઈસીડીએસ શાખા, સે. ૧૭, જિલ્લા પંચાયત, ગાંધીનગર

સહી/- બાળ વિકાસ યોજના અધિકારી ઘટક-૧, ૨ જિલ્લા પંચાયત, ગાંધીનગર
સહી/- પ્રાંત અધિકારી
માહિતી/૧૯૯/૨૦૧૨-૧૩



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
• સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ,
• વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
• જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન